જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૯/૨૦૨૩ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૪૦૫ લીટર દેશી દારૂ, ૫૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૦ બીયરટીન અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૨૫/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** જયમીનભાઇ જશવંતભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે,અભિનવ કોલોની ગાંધી લિબર ઈન્સ્ટીટયુટ સામે, ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનમા ઘરઘાટીનુ કામ કરતા કિરણજી બચુજી ઠાકોર (રહે.પ્રજાપતી વાસ થલતેજ મુળ વતન ગામ-ગોઠવા તા-વિસનગર જી-મહેસાણા)એ બેડરૂમના કબાટના સેફ લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- ચોરી કરી નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઈ ચલાવે છે.

### આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૫૨૬/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** ભરતકુમાર લાલચંદ અગ્રવાલ (ઉ.વ.૩૦)(રહે,શિવશ્યામ કોમ્પ્લેક્ષ પાસપોર્ટ ઓફીસની બાજુમા ગુલબાઇ ટેકરા)એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રૂમમાં પંખા સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**વેજલપુરઃ** અબ્દુલ્લા સ/ઓ મોહંમદખાલીદ મલિક (ઉ.વ.૩૧)(રહે.લાલબીપાર્ક ફારૂકે આઝમ સ્કુલ પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક મકાનમાં છતના હુકમા ભરાવેલ સળિયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયભાઈ અબારામાભાઈ ચલાવે છે.

**નરોડાઃ** (૧) ઇન્દ્રાબહેન જયરામદાસ લાલવાણી (ઉ.વ.૭૫) અને (૨)મધુબહેન ડો/ઓ જયરામદાસ લાલવાણી (ઉ.વ.૪૫)(બંને રહે.શ્યામવિલા ગ્રીન્સ ફ્લેટ શેલ્બી હોસ્પિટલ સામે કઠવાડા રોડ નરોડા) એ બીમારીથી કંટાળી તા.૧૪/૦૯/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી